# Current Affairs

**1st January**

1. **એ. કે. મિત્તલ :–**
   - ભારતીય રેલવે બોર્ડના નવા અધ્યક્ષ તરીકે નિયુકત.
   - અરૂણેન્દ્ર કુમાર નિવૃત થતા તેમણે આ પદ સંભાળ્યું.
2. **શૈલેષ નાયક :– મૂળ ગુજરાતી**
   - શૈલેષ નાયકની ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના કામચલાઉ ચેરમેન તરીકે નિમણૂંક.
   - આ નિમણૂંક માત્ર એક મહિના માટે જ છે.
   - ઈસરોના ચેરમેન કે. રાધાકૃષ્ણન નિવૃત.
   - શૈલેષ નાયકે તેમનો પ્રાથમિક અભ્યાસ વડોદરામાં પૂર્ણ કરેલ છે.
   - વતન :– સુરતના ઓલપાડ તાલુકાનું દિહેણ ગામ (જન્મ :– બીલીમોરા)
   - શૈલેષ નાયક અત્યારે અર્થ સાયન્સિઝ મંત્રાલયના સેક્રેટરી છે.
3. **વિશ્વ ગુજરાતી સમાજ :–**
   - વિશ્વ ગુજરાતી સમાજ ધ્વારા બે એવોર્ડ આપવામાં આવ્યા જેમાં,

     (૧) સરદાર પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ :–

     વિજેતા :– લોર્ડ મેઘનાથ દેસાઈ (રાષ્ટ્રીય અને આં. રાષ્ટ્રીય કક્ષાએ સાહિત્યના યોગદાન બદલ)

     (૨) કાનજીભાઈ દેસાઈ ગુજરાતી પ્રતિભા એવોર્ડ :–

     વિજેતા :– સ્વ. ડો. ધીરૂભાઈ ઠાકર (ગુજરાતી વિશ્વકોષના પ્રદાન બદલ)
4. **સપ્તક સંગીત સમારોહ :–**
   - ૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન
   - ૧ જાન્યુઆરી એ પં. બિરજુ મહારાજ કથ્થક નૃત્ય રજુ કરશે.
   - આ વર્ષની થીમ :– " સારે જહાં "

**3rd January**

1. **ડો. અનામિક શાહ :–**
   - ગુજરાત વિદ્યાપીઠના નવ (૯) માં કુલનાયક
   - ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કાળ થી અત્યાર સુધીની ગણતરી કરવામાં આવે તો અનામિક શાહ ૧૫ માં કુલનાયક બને.
   - પરંતુ ગુજરાત વિદ્યાપીઠને ડિમ્ડ યુનિવર્સિટી તરીકેનો દરજ્જો વર્ષ – ૧૯૬૫ થી મળ્યો હતો આ પ્રમાણે ગણતરી કરીએ તો નવ (૯) માં કુલનાયક થાય.
   - અગાઉના કુલનાયક :– સુદર્શન આયંગર

Vivekanand Academy, Gandhinagar

2. **જે. વાય. પિલ્લઈ :–** **મૂળ ભારતીય**

- સિંગાપોરના પ્રમુખ ટોની ટાન કેન યામ એ પોતાના મુખ્ય સલાહકારપદે નિમણૂંક આપી

**5th January**

1. **ઉપેન્દ્ર ત્રિવેદી :–**

- ગુજરાતી સિને – જગતના વિખ્યાત અભિનેતા
- તાજેતરમાં મુંબઈ ખાતે અવસાન
- મૂળ વતન :– કુકડિયા (જિ. સાબરકાંઠા)
- જન્મ :– ઈન્દોર (મધ્યપ્રદેશ)
- પ્રથમ ફિલ્મ :– "કાદુ મકરાણી"
- અભિનેતા તરીકે પ્રથમ ફિલ્મ :– "જેસલ તોરલ"
- તેઓ સાબરકાંઠા જિલ્લાની ભિલોડા બેઠક પરથી વિધાનસભાના સભ્ય રહી ચૂકયા છે.
- આ ઉપરાંત તેઓ પંચાયત વિભાગના રાજય કક્ષાના મંત્રી પણ રહી ચૂકયા છે.
- વર્ષ – ૨000 થી ૨00૨ દરમિયાન તેઓ ગુજરાત વિભાનસભાના ઉપાધ્યક્ષ પણ રહી ચૂકયા છે.
- ફિલ્મ અને નાટય ક્ષેત્રે પ્રદાન બદલ તેમને ભારત સરકાર તરફથી પદમશ્રી એવોર્ડથી નવાજમાં આવ્યા હતા.
- "માનવીની ભવાઈ" ફિલ્મ માટે રાષ્ટ્રીય એવોર્ડ પણ એનાયત થયેલ છે.

2. **મુશર્રફ મોર્તાઝા :–**

- બાંગ્લાદેશ ક્રિકેટ ટીમનો સુકાની

3. **૧0૨ મી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ :–**

- આયોજન :– મુંબઈ
- સાયન્સ કોંગ્રેસનું આયોજન દર વર્ષે પહેલા મહિનામાં થાય છે.
- વર્ષ ૨0૧૩નું સાયન્સ કોંગ્રેસનું અધિવેશન કોલકાતા ખાતે ભરાયું હતું.
- આ અધિવેશનમાં દેશ – વિદેશનાં વિજ્ઞાનીઓ એકઠા થાય છે.

4. **ડો. મૃણાલીનીદેવી પુવાર :–**

- વડોદરાના રાજકુંવરી તેમજ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ચાન્સેલર
- તાજેતરમાં અવસાન
- એમ. એસ. યુનિવર્સિટી રાજયની એકમાત્ર એવી યુનિવર્સિટી છે કે જેના ચાન્સેલર રાજયના રાજયપાલ નહિ પરંતુ વડોદરાના રાજવી પરીવારના કોઈ સભ્ય હોય છે.

5. **ઓપન ગુજરાત સામુદ્રિક તરણ સ્પર્ધા :–**

- આયોજન :– પોરબંદર

Vivekanand Academy, Gandhinagar

**6th January**

1. **અરવિંદ પનગઢિયા :– નામાંકિત અર્થશાસ્ત્રી**

- નીતિપંચના પહેલા ઉપાધ્યક્ષ પદે નિયુકત કરાયા
- તેમનો દરજ્જો કેબિનેટ પ્રધાનનો રહેશે.
- અર્થશાસ્ત્રી બિબેક દેબરોય અને ડીઆરડીઓના પૂર્વ પ્રમુખ વી.કે. સારસ્વત પંચના પૂર્ણ સમયના સભ્ય રહેશે.
- ગૃહપ્રધાન રાજનાથ સિંહ, નાણાંપ્રધાન અરૂણ જેટલી, રેલવે પ્રધાન સુરેશ પ્રભુ અને કૃષિ પ્રધાન રાધામોહન સિંહને હોદાની રૂએ પંચના સભ્ય બનાવાયા છે.
- અરવિંદ પુનગઢિયા જયપુરના રહેવાસી છે તેમને વર્ષ ૨૦૧૨માં પદમભૂષણ પ્રદાન કરવામાં આવ્યું હતું.
- અરવિંદ પુનગઢિયા અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.
- નીતિ પંચના અધ્યક્ષ વડાપ્રધાન પોતે જ રહેશે.
- નીતિ પંચ (નીતિ આયોગ) નું પુંરૂં નામ :– નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રાન્સફોર્મિગ ઈન્ડિયા (NITI)

2. **બિહાર :–**

- બિહારનાં પર્યટન સ્થળોને વિકસાવવા બિહાર રાજય સરકાર ધ્વારા બોલિવુડની પીઢ અભિનેત્રી તથા રાજયસભાની સાંસદ રેખાને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી.

Vivekanand Academy, Gandhinagar